# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
## (ગુજરાત એક્ટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
## Shri Govind Guru University
## ( Established vide Gujarat Act No. 24/2015)


સરકારી પોલિટેકનીક કેમ્પસ
ગદક્પુર, ગોધરા
જિલ્લો પંચમહાલ પિન કોડ 389001

Government Polytechnic Campus
Gadukpur, Godhra
Dist. Panchmahals Pin Code 389001


નં.એસજીજીયું/પ્રવેશ/કાયદા/૨૦૧૭/ ૫૮૪૩

તા.૨૧/૦૬/૨૦૧૭

### એલએલ.બી.પ્રથમ સેમેસ્ટર-પ્રવેશ અંગે સુચના

**પરિપત્ર - ૨૩૫**

બાબત :- શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮ માટે પ્રથમ વર્ષ એલએલબી. માં સેમેસ્ટર-૧ ના વર્ગોમાં પ્રવેશ માટેની અમલમાં મુકવાની સૂચનાઓ/ માર્ગદર્શક નિયમો અંગે.

શ્રીમાન,

માનનીય કુલપતિશ્રીનાં આદેશ અનુસાર ઉપરોક્ત બાબતે આ યુનિવર્સિટી સંલગ્ન લો કોલેજના પ્રથમ વર્ષમાં સેમેસ્ટર-૧ માં પ્રવેશ આપવાની કામગીરી અંગે નીચે જણાવેલ સૂચનાઓ અને આદેશોનું ચુસ્ત પાલન કરવા વિનંતી છે.

**(અ) પ્રવેશ અંગેની સૂચનાઓ કાયદા વિદ્યાશાખા માટે :-**

૧. કાયદા વિદ્યાશાખામાં પ્રવેશ આપતી વખતે બાર કાઉન્સિલ ઓફ ઇન્ડિયાના વખતોવખતના પ્રવેશ સંબંધી નિયમોને આધારે જ પ્રવેશ આપવાનો રહેશે. બાર કાઉન્સિલ ઓફ ઇન્ડિયાના નિયમોનું સંપૂર્ણપણે પાલન કરવાનું રહેશે. જો કોઇપણ નિયમનું ઉલ્લંઘન થશે તો સંપૂર્ણ જવાબદારી જે તે કોલેજ/સંસ્થાની રહેશે.

૨. જે સ્નાતક થયેલ વિદ્યાથી પ્રથમ વર્ષ એલએલ.બી. માં પ્રવેશ મેળવવા માંગે છે તેવા અનામત અને બિન-અનામત બંને કક્ષાના વિદ્યાર્થીઓને પ્રવેશપત્રો આપવાની પરત સ્વીકારવાની અને મેરીટ યાદીઓ મુકવાની અને ફી લેવાની વ્યવસ્થાની કાર્યવાહી કરવાની રહેશે.

3. આપની કોલેજમાં વિદ્યાર્થીઓને જે વિષયો ચાલતા હોય તેની માહિતી આપની કોલેજના નોટીસ બોર્ડ પર વિદ્યાર્થીને સ્પષ્ટ વંચાય તે રીતે મુકશો.

૪. શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮ માં ગત વર્ષ ૨૦૧૬-૧૭ માં જેટલા વર્ગો હતા, તેમાં વધારો કે ઘટાડો યુનિ.ની મંજૂરી વગર કોઇપણ સંજોગોમાં કરી શકાશે નહી.

૫. (અ) પ્રવેશ ફોર્મ કોલેજે છાપીને માત્ર રૂ. ૨૦/- કિમતે વિદ્યાર્થીઓને આપવાના વિતરિત કરવાના રહેશે.
(બ) પેમ્પલેટ, બ્રોશર કે અન્ય સ્વરૂપના નામેથી ફોર્મની કિંમત રૂ. ૨૦/- થી વધારે લઈ શકાશે નહી

૬. (અ) ફોર્મ પરત લેતી વખતે વિદ્યાર્થીને ફરજીયાત પહોંચ આપવાની રહેશે
(બ) અંગ્રેજી, ગુજરાતી માધ્યમ માટે એક જ ફોર્મ વિદ્યાર્થીઓ પાસે ભરાવવાનું રહેશે.

(ક) કોઇપણ સંજોગોમાં ફોર્મ પરત લેતી વખતે ઓરીજીનલ માર્કશીટ લેવાની નથી.

૭. ડીવીઝન દીઠ મહત્તમ સંખ્યા નીચે પ્રમાણે રહેશે.

(અ) લો કોલેજ માટે : ૬૦ વિદ્યાર્થીની સંખ્યા પ્રત્યેક ડીવીઝન દીઠ રહેશે.

૮. દરેક કોલેજે નીચે પ્રમાણે સ્પષ્ટ જાહેરાત કોલેજના પ્રવેશ દ્વાર પાસે મૂકવી (જમ્બો ઝેરોક્ષમાં મૂકવું)

૧. મેરીટ યાદીમાં નામ આવતાં ક્રમશઃ જ્યાં નિયત સંખ્યા સમાપ્ત થશે ત્યાં પ્રવેશ બંધ થશે.

૨. મેરીટ અનુસાર યાદીમાં નામ આવવાથી પ્રવેશ ફાઈનલ થતો નથી, આગળના મેરીટ ધરાવનાર કેટલા વિદ્યાર્થી પ્રવેશ લે છે તેના પર આધાર રાખે છે.

૩. મેરીટ યાદીઓ નિયત તારીખે જ જાહેર કરવી અને ત્યારબાદ જ ફી સ્વીકારવાની કાર્યવાહી કરવાની રહેશે. વિદ્યાર્થીએ સમયસર હાજર રહેવું સીટોની ઉપલબ્ધતાને આધારે પ્રવેશ પ્રક્રિયા ચાલુ રહેશે.

૪. નિયત તારીખે ફી નહીં ભરનારનો પ્રવેશ પર કોઈ અધિકાર રહેશે નહીં, આ બાબતે વાંધા-વિરોધ-વિવાદ સંભાળવામાં આવશે નહીં.

૫. પ્રવેશ માટે કોઇપણ એજન્ટ/મધ્યસ્થી સાથે નાણાકીય વ્યવ્હાર કરવો નહી.

૯. દરેક કૉલેજ ચુસ્ત રીતે મેરીટ અનુસાર જ પ્રવેશ આપશે. મેરીટ લીસ્ટ બહારનો એકપણ પ્રવેશ આપવો નહી. અન્યથા તે પ્રવેશ રદ્દ ગણાશે તથા તે વિદ્યાર્થીનું રજીસ્ટ્રેશન થશે નહી અંને તેની સઘળી જવાબદારી પ્રોફેસર ઇન્ચાર્જશ્રીની રહેશે.

૧. અનામત કક્ષાના વિદ્યાર્થીઓને જાતિના પુરાવાની નકલ સાથે અરજી આપવાની રહેશે.

૨. બક્ષીપંચના વિદ્યાર્થીઓ પાસેથી માન્ય નોન ક્રીમીલેયર સર્ટિફીકેટ વિદ્યાર્થીએ રજુ કરવું ફરજીયાત છે.

૩. પ્રવેશ શીડ્યુલમાં નક્કી કરાયા મુજબ ઓપન મેરીટની યાદીમાં, ગુણવત્તાના ધોરણે આવતા તમામ વિદ્યાર્થીઓનો સમાવેશ કર્યા બાદ જ અનામત કક્ષામાં આવતા વિદ્યાર્થીઓની મેરીટ યાદી જાહેર કરવાની છે.ઓપન મેરીટમાં આવતા વિદ્યાર્થીઓને તે પ્રમાણે પ્રવેશ આપવો તેમને અનામત યાદીમાં સમાવવા નહીં, યુનિ. ની મંજુરીથી અનામત જગ્યાઓ ઓપનમાં બદલાવવાની રહેશે.

૪. અનામતની ટકાવારીની જગ્યાઓ, ઓપન મેરીટનો સમાવેશ ફાઈનલ ના થાય ત્યાં સુધી કોઇપણ સંજોગોમાં ભરવી નહી કે ઓપન કરવી નહીં. અન્યથા આચાર્યશ્રીની કાયદેસરની સંપૂર્ણ જવાબદારી રહેશે.

૫. અનામત જગ્યાઓની ટકાવારી

| અનામત જગ્યાઓની ટકાવારી | ડીવીઝન/વિષય દીઠ |
|---|---|
| (અ) અનુસુચિત જાતિ | ૭% |
| (બ) અનુસુચિત જનજાતિઓ | ૧૫% |
| (ક) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ | ૨૭% |
| (ડ) મહિલા અનામત | સરકારશ્રીના નિયમ મુજબ |

(ઇ) વિકલાંગ ............ 3% (તમામ કક્ષામાં સમાવિષ્ટ)

(અ) અનામત જગ્યાઓ કુલ ૫૯% રહેશે.

(બ) ઓપન જગ્યાઓ ૪૧% રહેશે.

Special Provision for Concession for the wards of kashmiri migrant (MHRD Letter No.3-1/2012 NER-Dated:7th March-2013

(i) Relaxation in CUT OFF percentage up to 10% subject to minimum eligibility requirement.
(ii) Increase in intake capacity up to 5% course-wise.
(iii) Reservation of at least one seat in merit quota in technical/professional institution.
(iv) Waiving of domicile requirements.

૧૦. ફોર્મ લેવાની તારીખ સમાપ્ત થયા પછી જે વિદ્યાર્થીઓના પરિણામ જાહેર થયા હોઈ કે સુધારો વધારો થયો હોઈ તેવા વિદ્યાર્થીઓના ફોર્મ કારણો સાથેની લેખિત અરજી લઈ, મેરીટમાં આવતા હોઈ તે ક્રમ મુજબ અને જગ્યા ખાલી હોઈ તેવા પ્રવેશ આપવાનું રાખવું.

૧૧. એનરોલમેન્ટ થયા પછી માર્કશીટ પરત કરતી વખતે કોલેજે "પ્રથમ સેમેસ્ટરમાં ..............કોલેજ" પ્રવેશ આપેલ છે તેવું એમ્બોસ સીલ કે સિક્કો તારીખ સાથે માર્કશીટ પાછળ લગાવી, આચાર્યશ્રીએ સહી કરી માર્કશીટ પરત કરવી.

૧૨. શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી વિસ્તારની કોલેજોમાં સ્નાતક થયેલ હોય તે સિવાયના ગુજરાત યુનિવર્સિટી કે અન્ય યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને કોઈપણ સંજોગોમાં શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના પ્રોવિઝનલ એડમિશન એલીજીબીલીટી સર્ટીફીકેટ (P.A.E.C.) સિવાય પ્રવેશ આપવો નહીં.

૧૩. પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓની ફી સ્વીકારતી વખતે અસલ માર્કશીટ અને એનરોલમેન્ટ માટે ત્રણ ફોટા અચૂક લેવા અને પ્રવેશ કાર્ય પૂરું ન થાય ત્યાં સુધી ખાસ સંજોગો સિવાય અસલ ગુણપત્રક પરત કરવું નહી. સદરહુ નિયમનો ચુસ્તપણે અમલ કરવો. કોઇપણ સંજોગોમાં આ માટે વિદ્યાર્થીઓને યુનિવર્સિટીમાં મોકલવા નહી.

૧૪. વિષયો અને પ્રવેશની પાત્રતા બાબતે સંપૂર્ણ ચકાસણી કરીને જ આચાર્યશ્રીએ પ્રવેશ આપવો. એનરોલમેન્ટ બાબતે યુનિવર્સિટી તરફથી અલગથી પરિપત્ર કરવામાં આવશે.

૧૫. નોટીસ બોર્ડ ઉપર જે પ્રવેશ યાદીઓ મુકાય તેની નકલ ફરજીયાત રીતે સાંજના ૫:00 વાગ્યા સુધીમાં રૂબરૂ/ઈ-મેલ (registrar@sggu.ac.in) પર શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીમાં નીચે દર્શાવેલ પત્રકમાં આપવાની છે. તેમાં ટકાવારી અચૂક લખેલ હોવી જોઈએ.

તારીખ__________પ્રવેશયાદીનં.__________કૉલેજનુંનામ__________________________

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | વિદ્યાર્થીના પ્રાપ્ત ટકા | કેટેગરી | બેઠકનં./માર્કશીટ નં. | રીમાર્ક |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | 3 | ૪ | ૫ | ૬ |

સરકારી પોલિટેકનીક કેમ્પસ
ગદક્પુર, ગોધરા
જિલ્લો પંચમહાલ પિન કોડ 389001

Government Polytechnic Campus
Gadukpur, Godhra
Dist. Panchmahals Pin Code 389001


૧૬. અનામત કક્ષાના વિદ્યાર્થીઓની જગ્યાઓ

(અ) ઓપન કેટેગરીમાં ટ્રાન્સફર કરતા પહેલા યુનિવર્સીટીને પૂર્વમંજુરી લેવી ફરજીયાત છે.

(બ) દરેક કોલેજ મેરીટ યાદી : ૧-૨ ........ મૂક્યા બાદ ફી લેવાના છેલ્લા દિવસ પછી એક દિવસ વધારવાનો આગળની યાદીના વિદ્યાર્થીઓને (ફી ભરવાનો/પ્રવેશ લેવાનો) આપવો, સાથે કેટલીક જગ્યાઓ ખાલી છે તે નોટીસ બોર્ડ પર સ્પષ્ટ મૂકવું. મેરીટ યાદીઓ ત્રણ થી ચાર જગ્યાએ મુકવી. સિક્યુરીટીની પાક્કી વ્યવસ્થા કરવી, જેથી અવ્યવસ્થાને સ્થાન ના રહે.

૧૭. પ્રવેશ આપ્યા આપ્યા બાદ જો જગ્યાઓ ખાલી રહેતી હોય તો ઉપલબ્ધતાને આધારે કેન્દ્ર સરકાર/રાજ્ય સરકારના કર્મચારીઓ કે જેમની બંદલી શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીમાં થઇ છે તેમના બાળકોને ગુણવત્તાના ધોરણે પ્રવેશ આપવો.

૧૮. શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી દ્વારા પ્રવેશ પ્રક્રિયા નિયમો મુજબ થાય છે કે કેમ તે તપાસ માટે ઓબ્ઝર્વર નિમવામાં આવશે. તેઓ કુલપતિશ્રીને સીધો રિપોર્ટ આપશે. તેઓ જે માહિતી માંગે તે કોલેજોએ આપવાની રહેશે.

19. કોલેજમાં વિદ્યાર્થી/વિદ્યાર્થીનીની રેગીંગ ન થાય તે જોવાની જવાબદારી જે તે સંસ્થાની રહેશે. જે વિદ્યાર્થી/વિદ્યાર્થીની રેગીંગ કરતા પકડાશે તો તેનો પ્રવેશ રદ્દ થશે. આ સુચનાનો ચુસ્તપણે અમલ કરવો. આ માટે જરૂરી કાર્યવાહી આચાર્યશ્રીએ કરવાની રહેશે.

૨૦. માન. કુલપતિશ્રી દ્વારા નિયુક્ત યુનિવર્સિટીના કોઈપણ પ્રતિનિધિ યુનિવર્સિટીનાં ઓથોરીટી પત્ર સાથે જે તે કોલેજનો સંપર્ક કરી એડમિશન અંગેની તપાસ કરશે તેમજ તે અંગેનો કોલેજનો રેકોર્ડ ટ્રસ્ટીશ્રી તેમજ આચાર્યશ્રીએ બતાવવાનો રહેશે. તે અંગે જો કાર્યવાહીમાં કોઇપણ પ્રકારની ચૂક કરવામાં આવશે તો તે અન્વયેની સમગ્ર જવાબદારી આચાર્યશ્રીની રહેશે.

૨૧. એલ.એલ.બી. (સેમેસ્ટર દીઠ) ફી નું માળખું નીચે મુજબ રહેશે.

| Details of Fees | LL.B. |
|---|---|
| Tuition Fees | 900-00 |
| Library Fees | 50-00 |
| Gymkhana Fees | 50-00 |
| Cultural activity ( college) | 50-00 |
| University Cultural activity fees | 25-00 |
| College Exam | 150-00 |
| C.W.D.C. | 20-00 |
| I card ( one time ) | 25-00 |
| University Sports Fees | 25-00 |
| Student welfare fees | 40-00 |
| Foundation/Elective | 100-00 |
| Bar council of India | 100-00 |

# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
(ગુજરાત એક્ટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
**Shri Govind Guru University**
**( Established vide Gujarat Act No. 24/2015)**

સરકારી પોલિટેકનીક કેમ્પસ
ગદકપુર, ગોધરા
જિલ્લો પંચમહાલ પિન કોડ 389001

Government Polytechnic Campus
Gadukpur, Godhra
Dist. Panchmahals Pin Code 389001


| | |
|---|---|
| soft skill | 100-00 |
| Enrollment Fees | 200-00 |
| **TOTAL** | **1835-00** |

એલ.એલ.બી.ના અભ્યાસક્રમમાં ફી ઉપર મુજબની જ લેવાની રહેશે. આ સિવાય કોઇપણ વધારાની ફી લેવી નહી.

**એલ.એલ.બી શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં -ઓપન -અનામત**

**૨૦૧૭-૧૮ પ્રથમ સેમેસ્ટરમાં મેરીટ યાદીઓના આધારે પ્રવેશ કાર્યવાહીનું સમય પત્રક**

| ક્રમ | કાર્યવાહી | એલ.એલ.બી સેમ -૧ |
|---|---|---|
| (૧) | કૉલેજો દ્વારા વિધાર્થીઓને પ્રવેશ ફોર્મનું વિતરણ | ૨૧/૦૬/૨૦૧૭ |
| (૨) | કૉલેજો દ્વારા પ્રવેશ ફોર્મ પરત સ્વીકારવા | ૨૧/૦૬/૨૦૧૭ થી ૦૩/૦૭/૨૦૧૭ |
| (૩) | ઓપન અને અનામત મેરીટ પ્રથમ યાદીની જાહેરાત | ૦૭/૦૭/૨૦૧૭ |
| (૪) | ઓપન અને અનામત પ્રથમ મેરીટ યાદીના વિદ્યાર્થીઓને ફી સ્વીકારવાનો સમય સવારે ૦૯:૦૦ થી ૦૧:૦૦ | ૧૦/૦૭/૨૦૧૭ થી ૧૪/૦૭/૨૦૧૭ |
| (૫) | ઓપન અને અનામત મેરીટની બીજી યાદીની જાહેરાત | ૧૪/૦૭/૨૦૧૭ |
| (૬) | ઓપન અને અનામત દ્વિતીય મેરીટ યાદીના વિદ્યાર્થીઓને ફી સ્વીકારવાનો સમય સવારે ૦૯:૦૦ થી ૦૧:૦૦ | ૧૪/૦૭/૨૦૧૭ થી ૧૮/૦૭/૨૦૧૭ |
| (૭) | જરૂર પડ્યે અનામત કેટેગરીની ખાલી સીટો માટે યુનિવર્સિટીની પૂર્વમંજુરી મેળવવી અને યુનિવર્સિટીની સુચના મુજબ આ સીટો ભરવી. | ૧૮/૦૭/૨૦૧૭ |
| (૮) | પ્રથમ વર્ષ સેમેસ્ટર-૧ નો શૈક્ષણિક પ્રારંભ | ૧૦/૦૭/૨૦૧૭ |

ઉપરોક્ત સૂચનાઓનું તમામ એલ.એલ.બી કોલેજના આચાર્યશ્રીઓએ અચૂક પાલન કરવાનું રહેશે.

કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા

કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા

પ્રતિ,

- શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન લો કોલેજના આચાર્યશ્રી તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.